અપીલ અરજી નં.૨૦૨ તા.૩–૧૦–૦૯/૧૦

અરજદારઃ– શ્રી મોહનભાઈ એમ. ઢબુવાલા

સામાવાળાઃ– ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી વરાછાઝોન

***ફરીયાદની હકીકતઃ–***

***વિષય :***– આરટીઆઈ એકટ હેઠળ શ્રી મોહનભાઈ એમ. ઢબુવાલાની તા.૩૧–૮–૦૯ ની અરજીથી ઘી સુરત ડી.કો.ઓ.સ્પીનીંગ મીલવાળી મિલકતનો ટેના નં.૧૮સી–૧૧–૦૭૯૧–૦–૦૦૧ થી ૧૮સી–૧૧–૦૭૯૧–૦–૦૩૬ સુધીનાં વેરાના નાણાં ચેક ધ્વારા ભરેલ છે તેની માહિતી તથા ડુપ્લીકેટ રસીદ આપવા બાબત.

***સંદર્ભ :***–અરજદાર મજકુરની તા.૩–૧૦–૦૯ ની અપીલ અરજી નં.૨૦૨/૨૦૦૯–૧૦

શ્રી મોહનભાઈ એમ. ઢબુવાલાની તા.૩૧–૮–૦૯ ની અરજીથી ઘી સુરત ડી.કો.ઓ.સ્પીનીંગ મીલવાળી મિલકતનો ટેના નં.૧૮સી–૧૧–૦૭૯૧–૦–૦૦૧ થી ૧૮સી–૧૧–૦૭૯૧–૦–૦૩૬ સુધીનાં વેરાના નાણાં ચેક ધ્વારા ભરેલ છે તેની માહિતી તથા ડુપ્લીકેટ રસીદ આપવા બાબતે ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી વરાછાઝોનના પત્ર નં.ઈ.ઝેડ/આરટીઆઈ/૨૪૪ તા.૨૩–૯–૦૯ થી આપેલ માહિતીથી સંતોષ નહીં હોવાનું જણાવી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૩–૧૦–૦૯ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૭૩૯ તા.૮–૧૦–૦૯ થી ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી વરાછાઝોનને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી અત્રેના વિભાગને કોઈ પૂરક વિગતો મળેલ નથી.

અરજદારની તા.૩૧–૮–૦૯ ની અરજીથી ઘી સુરત ડી.કો.ઓ.સ્પીનીંગ મીલવાળી મિલકતનો ટેના નં.૧૮સી–૧૧–૦૭૯૧–૦–૦૦૧ થી ૧૮સી–૧૧–૦૭૯૧–૦–૦૩૬ સુધીનાં વેરાના નાણાં ચેક ધ્વારા ભરેલ છે તેની માહિતી તથા ડુપ્લીકેટ રસીદ આપવા બાબત તથા બેટરમેન્ટ ચાર્જીસ સ્ટેટ બેંક ઓફ સૌરાષ્ટ્ર ચેક નં.૦૭૯૩૩૧ રૂા.૧૬,૭૯,૫૯૮, મ્યુ. વેરો સ્ટેટ બેંક ઓફ સૌરાષ્ટ્ર ચેક નંબર ૦૭૯૩૩૨ રૂા.૨,૮૮,૬૯૦ અને પાણી વેરો સ્ટેટ બેકં ઓફ સૌરાષ્ટ્ર ચેક નં.૦૭૯૩૩૩ રૂા.૫૩,૪૮૦ તા.૧૩–૯–૦૧ ના રોજ મ્યુ. વેરાના નાણા બેગમપુરા શાખાને ચેકથી ભરવામાં આવેલ. જેમાં કલીયરીંગ ૭–૩–૨૦૦૨ ના રોજ થયેલ છે તેથી ડુપ્લીકેટ રસીદ અને તા.૧૩–૯–૨૦૦૧ થી ૩૧–૩–૨૦૦૨ સુધીની માહિતીની માંગણી કરેલ છે. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી કક્ષાએથી '' ઉપલબ્ધ રેકર્ડ ચકાસતાં પ્રશ્નવાળી મિલ્કત ટીપી સ્કીમ નં.૧૬ (કપોદ્રા) ફા.પ્લોટ નં.૧૨ અને ૧૩ માં આવે છે જેમાં બેટરમેન્ટ ચાર્જીસના નાણાં ૧૬,૭૯,૫૯૮ સુરત મહાનગરપાલિકાની તિજોરીમાં સ્ટેટ બેંક ઓફ સૌરાષ્ટ્રના ચેક નં.૦૭૯૩૩૧ થી જમાં થયા હોય તેવું ઉપલબ્ધ રેકર્ડ ચકાસતાં માલુમ પડતું નથી પરંતુ આ ચેક ધ્વારા મ્યુ. પ્રોપર્ટી ટેક્ષના નાણાં ભર્યા હોય અને મ્યુ. વેરા ભર્યાની ડુપ્લીકેટ રસીદ રેકર્ડ રુલ્સ મુજબ નાશ કરવામાં આવેલ છે. જેથી મળી શકે તેમ નથી. તેવી માહિતી અરજદારને પૂરી પાડવામાં આવેલ છે. જેના અનુસંધાને અરજદારે તા.૩–૧૦–૦૯ ના રોજ મળેલી માહિતીના પ્રતિભાવથી સંતોષ નહીં હોવાથી અપીલ અરજી કરેલ છે. જાહેર માહિતી અધિકારીએ અરજદારને માંગેલી માહિતી પૈકી મ્યુ. વેરાના નાણાંના ચેકોની નિર્દિષ્ટ ટેનામેન્ટવાળી મિલ્કતના પ્રોપર્ટીટેક્ષ નાણાં સદર ચેકોથી ભર્યા હોય તેવી માહિતી આપેલ છે પરંતુ રસીદોનો રેકર્ડ નાશ કર્યાની વિગતો અરજદારને પૂરી પાડેલ નથી કે પૂરક વિગતોમાં અત્રે મોકલવામાં આવેલ નથી. જાહેર સત્તા મંડળ પાસેના ઉપલબ્ધ રેકર્ડની વિગતો કક્ષાવાર સ્વયં પ્રસિધ્ધ કરવા યોગ્ય કક્ષામાં આવે છે. જેમાં નાશ કરેલ રેકર્ડની સૂચિનો પણ સમાવેશ થાય. વધુમાં આરટીઆઈ એકટની કલમ–૨(એફ) અને ૨(જે) હેઠળ જાહેર માહિતી અધિકારી પાસે કે નિયંત્રણ હેઠળની ઉપલબ્ધ માહિતી પૂરી પાડવાની જોગવાઈ છે.

***હુકમ***

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૩૧–૮–૦૯ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી અંગે ડુપ્લીકેટ રસીદના નાશ કર્યા બાબતે તેમ કર્યાની યાદીની સક્ષમ સત્તાની મંજુરી સહિતની નકલ આરટીઆઈ કાયદાની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે અત્રેની જાણ હેઠળ દિન–૭ માં અરજદારને પૂરી પાડવા ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી વરાછાઝોનને જણાવવામાં આવે છે.

અરજદાર ઈચ્છુક હોય તો જાહેર માહિતી અધિકારીએ જે માહિતી પૂરી પાડેલ છે તે લાગત દફતરનું ઈન્સ્પેકશન આરટીઆઈ એકટની કલમ–૭(૩) સાથે નિયમ–૫ હેઠળ લાગુ કિસ્સામાં ઠરાવેલ ફી ભરપાઈ કરી જાહેર માહિતી અધિકારીનો દિન–૭ માં આગોતરો સમય મેળવી કરી શકે છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૧૦ – ૦૯

ડે.***કમિશ્નર(જનરલ),***
***અને એપેલેટ ઓફિસર***
***સુરત મહાનગર પાલિકા***

***પ્રતિ***

(૧) ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી.(વરાછાઝોન).... જાણ તથા અમલ માટે
(૨) શ્રી મોહનભાઈ એમ. ઢબુવાલા